MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
EQUITY AND EXCELLENCE

2023



**માતા-પિતા માહિતીની શ્રેણી**
Maryland માં વિશેષ શિક્ષણ સેવાઓ:

# વિશેષ શિક્ષણ પ્રક્રિયા

**વિશેષ શિક્ષણ પ્રક્રિયા** | માતાપિતાના અધિકારો | IEP ને સમજવું | માધ્યમિકમાં આગળ વધવું



# પરિચય

**પેરેન્ટ્સ ગાઈડ ટુ સ્પેશિયલ એજ્યુકેશન સર્વિસીસ ઇન Maryland એ જન્મથી ૨૧ સુધી માતાપિતાની માહિતીની શ્રેણીનો એક ભાગ છે,** જે Maryland માં સેવાઓની વિશેષ શિક્ષણ પ્રણાલીમાં પરિવારોને ટેકો આપવા માટે રચાયેલ પ્રકાશનોનો સંગ્રહ છે. આ પુસ્તિકા સાથે, અમે સમર્પિત વ્યાવસાયિકોના સમુદાયમાં તમારું સ્વાગત કરવા ઈચ્છીએ છીએ, અને તમારા બાળકની સફળતાને ટેકો આપવા અને તમારા પરિવારને મદદ કરવા માટે ફેડરલ અને રાજ્યના કાયદા દ્વારા નિર્મિત પ્રક્રિયા દ્વારા તમને માર્ગદર્શન આપવા માંગીએ છીએ.



# અનુક્રમણિકાનું કોષ્ટક


પૃષ્ઠ 4
**વિશેષ શિક્ષણ સેવાઓ**

પૃષ્ઠ 5
**વિશેષ શિક્ષણ શું છે?**

પૃષ્ઠ 6
**Maryland ની IEP પ્રક્રિયા**

પૃષ્ઠ 11
**માતાપિતા માટે ચેકલિસ્ટ**

પૃષ્ઠ 13
**જો મને પ્રશ્નો હોય અથવા તો મદદની જરૂર હોય તો શું કરવું?**


વધુ માહિતી માટે અમારી મુલાકાત લો
**www.marylandpublicschools.org**

# Maryland માં વિશેષ શિક્ષણ સેવાઓ

**માતાપિતા તેમના બાળકના શિક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.** આ ખાસ કરીને વિકલાંગતા ધરાવતા બાળકોના માતાપિતા માટે ખરૂ છે. તમે જાણો છો કે તમારા બાળકને શું કરવામાં આનંદ આવે છે અને તેઓને શેમાં સંઘર્ષ કરવો પડે છે. તમારું બાળક શાળ પૂર્ણ કરી લે પછી અને આગામી વર્ષમાં તે શું કરશે તે વિશે તમે શું વિચારો છો તેની તમે દૃષ્ટિ ધરાવશો.

જ્યારે તમારા બાળકને વિકલાંગતા હોય અને તેને વિશેષ શિક્ષણ સેવાઓની જરૂર હોય ત્યારે તમારા માટે વિશેષ શિક્ષણ પ્રક્રિયા વિશે શીખવું મહત્વનું છે. તમે તમારા બાળકના શ્રેષ્ઠ વકીલ છો. જ્યારે તમે વિશિષ્ટ શિક્ષણ પ્રક્રિયાને સમજો છો, ત્યારે તે તમને તમારા બાળકનું ઇન્ડિવિડ્યુઅલાઈઝ્ડ એડ્યુકેશન પ્રોગ્રામ (IEP)ની ટીમ સાથે અસરકારક રીતે કામ કરવામાં મદદ કરશે. આ તમારા બાળકને શાળામાં અને તેના પછીના ક્ષેત્રમાં સફળ થવામાં મદદ કરશે. તમે તે ટીમનો ભાગ છો જે તમારા બાળકના શિક્ષણ વિશે નિર્ણયો લે છે. તમારી પાસે કુશળતા અને જ્ઞાન છે જેની તમારા બાળકની ટીમને જરૂર છે.

આ પુસ્તિકા મેરીલેન્ડમાં વિશેષ શિક્ષણ પ્રક્રિયાની ઝાંખી આપે છે. તે તમને પ્રક્રિયામાં તમારી ભૂમિકા અને તમારી મીટિંગ માટે કેવી રીતે તૈયારી કરવી તે સમજવા માટેની ટીપ્સ પણ આપશે.

## કાયદો **શું કહે છે**

### IDEA શું છે?

**વિકલાંગ વ્યક્તિઓ માટે શિક્ષણ અધિનિયમ (Individuals with disabilities Act) (IDEA) એક ફેડરલ કાયદો છે જે સમગ્ર દેશમાં વિકલાંગતા ધરાવતા પાત્ર બાળકોને સેવાઓની ખાતરી આપે છે.** રાજ્યો અને જાહેર એજન્સીઓ 7.2 મિલિયનથી વધુ પાત્ર શિશુઓ, ટોડલર્સ અને બાળકો અને વિકલાંગ યુવાનોને કેવી રીતે પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પ્રદાન કરે છે તેને IDEA સંચાલિત કરે છે. મેરીલેન્ડ સ્ટેટ જન્મથી 21 વર્ષની વય સુધી વિકલાંગતા ધરાવતા લાયક બાળકો માટે સંકલિત સેવાઓની સરળ, વ્યાપક સિસ્ટમ પ્રદાન કરે છે.

# વિશેષ શિક્ષણ શું છે?

**વિશેષ શિક્ષણ એ તમારા બાળકની અનન્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિશેષ રીતે રચવામાં આવેલ સૂચનો છે.** વિશેષ શિક્ષણ કોઈ સ્થાન કે વર્ગ નથી, તે સેવા છે. તેમાં સ્પીચ થેરાપી, કાઉન્સેલિંગ અથવા ફિઝિકલ થેરાપી જેવી સંબંધિત સેવાઓનો સમાવેશ થઈ શકે છે. તે પરિવારને કોઈપણ ખર્ચ વિના પ્રદાન કરવામાં આવે છે અને તે વિવિધ સેટિંગ્સમાં થઈ શકે છે. દરેક બાળક જે વિશેષ શિક્ષણ સેવાઓ મેળવે છે તે ફ્રી એપ્રોપ્રીએટ પબ્લિક એડયુકેશન અથવા FAPE માટે હકદાર છે. આનો અર્થ એ છે કે તમારા બાળકને નિ:શુલ્ક સેવાઓ પૂરી પાડવામાં આવશે. સેવાઓ તમારા બાળકની ચોક્કસ જરૂરિયાતો પર આધારિત હશે. ધ્યેય એ છે કે તમારું બાળક શાળામાં પ્રગતિ કરે અને શાળાની બહારના જીવન માટે તૈયાર રહે.

# બાળક **શોધો**

Maryland School System અથવા સ્થાનિક શિક્ષણ એજેન્સી (Local Eductaion Agency) (LEAs)એ જન્મથી થી 21 વર્ષની વયના બાળકોની શોધ, ઓળખ અને તેનું મૂલ્યાંકન કરવું જોઈએ, જેમને વિશેષ શિક્ષણની જરૂર છે. આમાં એવા બાળકોનો સમાવેશ થાય છે જેઓ:

- હોમ સ્કૂલ્ડ;
- ખાનગી શાળાઓમાં
- બેઘર;
- સ્થળાંતરિત અથવા અત્યંત ગતિશીલ;
- રાજ્યના વૉર્ડ; અથવા
- ગ્રેડથી ગ્રેડમાં પાસ થવા છતાં વિકલાંગતા હોવાની શંકા હોય.

**માતા-પિતા(ઓ)ની ભૂમિકા:**
જો તમારું બાળક સાર્વજનિક સ્કૂલ સંચાલનમાં નોંધાયેલ ન હોય તો તમારી સ્કૂલમાં અથવા LEAમાં સ્પેશ્યલ એડયુકેશન ડિરેક્ટર અથવા ચાઈલ્ડ ફાઇન્ડ ઑફિસનો સંપર્ક કરો. જો તમારું બાળક સાર્વજનિક શાળામાં છે, તો તમે આચાર્ય અથવા તમારા બાળકના શિક્ષકનો સંપર્ક કરી શકો છો.

# મેરીલેન્ડની IEP પ્રક્રિયા
# દરેક પગલામાં માતાપિતાની ભૂમિકા હોય છે

## રેફરલ/સ્ક્રીનિંગ

જો તમને લાગે કે તમારા બાળકને વિકલાંગતા હોઈ શકે છે, તો તમારે તમારી ચિંતાઓ વિશે વાત કરવા માટે ઇન્ડિવિડ્યુઅલાઈઝ્ડ એડ્યુકેશન પ્રોગ્રામ (IEP) ટીમ મીટિંગને પૂછવું જોઈએ. શાળાના આચાર્ય અથવા શિક્ષકને લેખિતમાં વિનંતી કરવી શ્રેષ્ઠ છે. શિક્ષકને ચિંતા હોય તો રેફરલ પણ કરી શકે છે.

તમારી ચિંતાઓની ચર્ચા કરવા અને ઉપલબ્ધ માહિતીની સમીક્ષા કરવા માટે શાળા તમને મીટિંગમાં આમંત્રિત કરશે. ટીમ વર્ગખંડની કામગીરીની માહિતી, રાજ્યના મૂલ્યાંકનો, કાઉન્ટીના મૂલ્યાંકનના પરિણામો, તમારા દ્વારા આપવામાં આવેલી માહિતી અને અન્ય કોઈપણ સંબંધિત માહિતીની સમીક્ષા કરશે.

આ મીટિંગના પરિણામો આ હોઈ શકે છે: (1) શૈક્ષણિક અપંગતાની કોઈ શંકા નથી; કોઈ પગલાંની જરૂર નથી; (2) અત્યારે શૈક્ષણિક વિકલાંગતાની કોઈ શંકા નથી, ઔપચારિક અથવા અનૌપચારિક હસ્તક્ષેપોનો અમલ કરો અને ચોક્કસ સમયગાળામાં ડેટાની સમીક્ષા કરો; (3) શૈક્ષણિક અપંગતાની શંકા અને વધારાની માહિતીની જરૂર છે; અથવા (4) શૈક્ષણિક વિકલાંગતા ધરાવતા હોવાનું નક્કી કરવા માટે પૂરતી માહિતી છે.

મીટિંગના પરિણામો ગમે તે હોય, તમને મીટિંગ પછી અને કોઈપણ ભલામણો લાગુ કરવામાં આવે તે પહેલાં, પૂર્વ લેખિત નોટિસ (Prior written Notice) (PWN) તરીકે ઓળખાતી લેખિત સમજૂતી પ્રાપ્ત થશે. તમને તમારા પ્રોસિજરલ સેફગાર્ડ્સ તરીકે ઓળખાતો એક દસ્તાવેજ પણ પ્રાપ્ત થશે જે તમને તમારા અધિકારો આગળ વધવા વિશે જણાવશે.

## IEP પ્રક્રિયા




**માતા-પિતા(ઓ)ની ભૂમિકા:**
જો તમે IEP મીટિંગમાં હાજરી આપવા માટે સક્ષમ ન હોવ તો શક્ય તેટલી વહેલી તકે શાળાને ફરીથી શેડ્યૂલ કરવા જણાવો આમંત્રણ પર સંપર્ક માહિતી હશે. મીટિંગમાં, તમારી ચિંતાઓ અને ડોકટરો અથવા અન્ય લોકો કે જેમણે તમને માહિતી આપી હોય તેના કોઈપણ અહેવાલો શેર કરો.

## આ **મીટીંગનું આમંત્રણ**

**કોઈપણ IEP મીટિંગના ઓછામાં ઓછા 10 દિવસ પહેલા તમને આમંત્રણ મળશે. તે તમને મીટિંગનો હેતુ, અન્ય કોને આમંત્રિત કરવામાં આવ્યા છે અને તેમની ભૂમિકા અથવા કાર્યનું શીર્ષક જણાવશે.** તેમાં સમય, તારીખ અને મીટિંગ ક્યાં થશે તે પણ સામેલ હશે. મીટિંગ્સ સહયોગી રીતે સુનિશ્ચિત થવી જોઈએ.

મીટિંગના ઓછામાં ઓછા 5 દિવસ પહેલા તમને કોઈપણ દસ્તાવેજોની નકલ પણ પ્રાપ્ત થશે જેના વિશે મીટિંગમાં વાત કરવામાં આવશે.

જો તમે મીટિંગમાં હાજર ન રહી  શકો તેમ હોય અને તેને ફરીથી શેડ્યૂલ કરવાની જરૂર હોય તો શક્ય તેલી વહેલી તકે શાળાને જણાવો. જો તમે ત્યાં રૂબરૂ હાજર ન હોઈ શકો તો તમે વર્ચ્યુઅલ રીતે અથવા ટેલિફોન દ્વારા મીટિંગમાં હાજરી આપવાનું પસંદ કરી શકો છો

## IEP ટીમ

### IEP ટીમના મુખ્ય સભ્યોમાં સમાવેશ થતાં વ્યક્તિઓ:

- માતા-પિતા
- બાળકના સામાન્ય શિક્ષણ શિક્ષક;
- બાળકના વિશેષ શિક્ષણ શિક્ષક
- એડમિનિસ્ટ્રેટર અથવા નિયુક્ત;
- જે મૂલ્યાંકનકર્તા મૂલ્યાંકનના પરિણામોનું અર્થઘટન કરી શકે છે;
- વિદ્યાર્થી, જો યોગ્ય હોય તો; અને
- અન્ય વ્યક્તિઓ કે જેમને માતા-પિતા અથવા સ્થાનિક શિક્ષણ એજન્સી (LEA) અથવા જાહેર એજન્સી (PA) દ્વારા આમંત્રિત કરાયેલ વિદ્યાર્થી વિશે જાણકારી હોય.

જો વિદ્યાર્થીનો કોઈ સામાન્ય શિક્ષક ન હોય તો, જો બિન-વિકલાંગ સાથીદારો સાથે બાળકને સમાવવાની કોઈ શક્યતા હોય તો ગ્રેડ લેવલના શિક્ષક હાજર રહેશે.

## મૂલ્યાંકન અને આકારણી

જો શૈક્ષણિક વિકલાંગતા હોવાનું નક્કી કરવા માટે વધારાની માહિતીની જરૂર હોય, તો ટીમ શંકાસ્પદ અસરના તમામ ક્ષેત્રોમાં મૂલ્યાંકનની ભલામણ કરશે.  તમારા બાળકની જરૂરિયાતો અને શક્તિઓને સમજવા માટે શાળા સ્ટાફ વિવિધ પ્રકારનાં મૂલ્યાંકનો અને માહિતી એકત્ર કરવાની વ્યૂહરચનાનો ઉપયોગ કરશે.

ટીમ ધ્યાન આપશે:

- વર્તમાન ડેટા અને આકારણી પરિણામો;
- તમારા, માતાપિતા(ઓ) તરફથી માહિતી;
- વર્ગખંડ, રાજ્યવ્યાપી અને જિલ્લા મૂલ્યાંકનો;
- વર્ગખંડ અવલોકનો; અને
- શિક્ષકો પાસેથી માહિતી.

**માતા-પિતા(ઓ)ની ભૂમિકા:**
તમને સર્વેક્ષણો, ચેક લિસ્ટ અથવા અન્ય પેપરવર્ક પૂર્ણ કરવા માટે કહેવામાં આવી શકે છે. તેને ભરો અને શક્ય તેટલી વહેલી તકે પાછા મોકલો.
જો જરૂરી હોય તો પ્રશ્નો પૂછો, અને દિશાઓને અનુસરો.

તેઓ ચિંતાના તમામ ક્ષેત્રોમાં મૂલ્યાંકન કરશે. આમાં સામાજિક ભાવનાત્મક અને વર્તન, શૈક્ષણિક, સામાન્ય જ્ઞાનાત્મક પરીક્ષણ, ભાષણ અને ભાષા અને મોટર કુશળતાનો સમાવેશ થઈ શકે છે. જો તમારું બાળક સેવાઓ માટે લાયક ઠરે તો તે શું કરવા સક્ષમ છે તે માટે એકત્ર કરવામાં આવેલી માહિતી પ્રારંભિક સ્થાન નક્કી કરવામાં મદદ કરશે.

પરિણામોની સમીક્ષા કરવા અને સેવાઓ માટે તમારા બાળકની પાત્રતા નક્કી કરવા માટે મૂલ્યાંકન માટે લેખિત સંમતિ પ્રાપ્ત કર્યા પછી 60 દિવસની અંદર બીજી મીટિંગ થશે. તમને તમામ આકારણી પરિણામોની નકલ અને ચર્ચાના કોઈ પણ દસ્તાવેજો, મીટિંગના ઓછામાં ઓછા 5 દિવસ પહેલા પ્રાપ્ત થશે.

## જો હું મૂલ્યાંકન સાથે અસંમત હોઉં તો શું?

જો તમે મૂલ્યાંકનના પરિણામો સાથે અસંમત હો, તો તમે સ્વતંત્ર શૈક્ષણિક મૂલ્યાંકન (Independent Educational Evaluation (IEE) ને વિનંતી કરી શકો છો કે જે જાહેર ખર્ચે છે, અથવા તમારા વિવાદને ઉકેલવા માટે મધ્યસ્થી અથવા યોગ્ય પ્રક્રિયા સુનાવણીની વિનંતી કરો.

IEE એ શાળા પ્રણાલીની બહારના કોઈ વ્યક્તિ દ્વારા પૂર્ણ થયેલ મૂલ્યાંકન છે. શાળા કાં તો ભંડોળ માટેની તમારી વિનંતી સાથે સંમત થશે અથવા ના કહેશે અને વિનંતી પ્રાપ્ત થયાના 30 દિવસની અંદર ડ્યુ પ્રોસેસ સુનાવણી માટે ફાઇલ કરશે. તમે તમારા પોતાના ખર્ચે પણ IEE મેળવી શકો છો. તમારા બાળક વિશે શૈક્ષણિક નિર્ણયો લેતી વખતે IEP ટીમે બહારના તમામ મૂલ્યાંકનને ધ્યાનમાં લેવું જોઈએ. તમારા વિવાદ નિરાકરણ વિકલ્પો વિશે વધુ માહિતી માટે આ શ્રેણીમાં પેરેંટલ રાઇટ્સ પુસ્તિકા જુઓ.





## સ્પેશિયલ એજ્યુકેશન એલિજિબિલિટી માટે ડિસેબિલિટી કેટેગરીઝ શું છે?

- ઓટીઝમ
- બહેરા-અંધત્વ
- વિકાસલક્ષી વિલંબ
- ભાવનાત્મક વિકલાંગતા
- સાંભળવાની ક્ષતિ બહેરાશ સહિત
- બૌદ્ધિક અપંગતા
- બહુવિધ વિકલાંગતા
- ઓર્થોપેડિક ક્ષતિ
- અન્ય આરોગ્ય ક્ષતિ
- ચોક્કસ લર્નિંગ ડિસેબિલિટી
- વાણી ભાષાની ક્ષતિ
- મગજની આઘાતજનક ઈજા
- દ્રશ્ય ક્ષતિ

## IEP નું અમલીકરણ

IEP એ કરાર જેવું છે. શરતોનું સન્માન કરવું આવશ્યક છે; તેથી, તેઓ સ્પષ્ટપણે સમજવા જોઈએ. તે મહત્વપૂર્ણ છે કે ટીમ એ બાબતની ખાતરી કરે કે IEP ના દરેક ભાગને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે,અને દરેક ટીમ સભ્ય સમાન સમજ ધરાવે. પ્રશ્નો પૂછો, ખાતરી કરો કે IEP દસ્તાવેજમાં બાબતો સ્પષ્ટ હોય જેથી દરેકને સમાન સમજ હોય.

IEP ફાઇનલ થયા પછી સેવાઓ અને સપોર્ટ શક્ય તેટલી વહેલી તકે શરૂ થશે, પરંતુ તમારી પાસે ટીમ દ્વારા કરવામાં આવેલી દરખાસ્તોની સમીક્ષા કરવા અને તેના પર વિચાર કરવા માટે વાજબી સમય મળે તે પછી.

શાળા સ્ટાફ તમારા બાળક સાથે તેમના ધ્યેયો અને ઉદ્દેશ્યો પર કામ કરશે. તમારા બાળકના તમામ શિક્ષકોને IEP માં હોય તેવી માહિતી આપવામાં આવશે, જેમાંવર્ગખંડમાં ઉપયોગ કરી શકાય તેવી કોઈપણ સવલતો શામેલ હશે. શાળા સ્ટાફ ધ્યેયો અને ઉદ્દેશો માટે પ્રગતિ પર ડેટા એકત્રિત કરશે.

તમને દર ક્વાર્ટરમાં અથવા IEP માં જણાવ્યા મુજબ પ્રગતિ અહેવાલો પ્રાપ્ત થશે. જો તમારું બાળક પ્રગતિ કરતું નથી, તો IEP માં કયા ફેરફારોની જરૂર પડી શકે છે તે વિશે વાત કરવા માટે IEP મીટિંગ હોવી આવશ્યક છે. શક્ય છે કે તમારા બાળકને વધુ અથવા અલગ આધારની જરૂર હોય અથવા તે લક્ષ્યોને સમાયોજિત કરવાની આવશ્યક્તા હોય.

**માતા-પિતા(ઓ)ની ભૂમિકા:**
તમારા બાળકને મદદ કરવા માટે તમે ઘરે શું કરી શકો તે શાળાના સ્ટાફને પૂછો. શિક્ષકો સાથે ચિંતાઓ અને ઉજવણીઓ શેર કરો. જો તમારી પાસે નવી માહિતી, ચિંતાઓ હોય અથવા તમારું બાળક પ્રગતિ ન કરી રહ્યુ હોય તો મીટિંગ માટે પૂછો.

## IEP ની વાર્ષિક સમીક્ષા

તમારા બાળકની પ્રગતિની સમીક્ષા કરવા અને IEP માં સુધારણા કરવા માટે IEP ટીમે વર્ષમાં ઓછામાં ઓછી એક વાર મળવું જોઈએ. બાળક એક ગ્રેડથી બીજા ગ્રેડમાં પ્રગતિ કરે ત્યારે એ સુનિશ્ચિત કરવું અગત્યનું છે  કે IEP તમારા બાળકની જરૂરિયાતોને પૂર્ણ કરતું રહે. જો માતા-પિતા અથવા શિક્ષકો ચાહે તો IEP મીટિંગ વધુ વખત આયોજીત કરી શકાય છે.

મીટિંગમાં ચર્ચા કરવાના તમામ દસ્તાવેજો IEP મીટિંગના 5 દિવસ પહેલા ઘરે મોકલવામાં આવશે. જો મીટિંગના 5 દિવસ પહેલા દસ્તાવેજો મોકલવામાં ન આવે તો જ્યાં સુધી તમને તેમની સમીક્ષા કરવાની તક ન મળે ત્યાં સુધી તમે મુલતવી રાખવાની વિનંતી કરી શકો છો. ડ્રાફ્ટ IEP ઘરે મોકલી શકાય છે. ધ્યાનમાં રાખો કે ડ્રાફ્ટ IEP એ ચર્ચા માટેનું પ્રારંભિક સ્થાન છે. ઘરે મોકલવામાં આવતા ડ્રાફ્ટ હંમેશા મીટિંગ દરમિયાન બદલી શકાય છે.

તે મહત્વપૂર્ણ છે કે તમે ઘરે મોકલેલા દસ્તાવેજોની સમીક્ષા કરો, તમારા કોઈપણ પ્રશ્નોની નોંધ લો.  તમારા બાળક માટે ઘરે અથવા અન્ય પ્રવૃત્તિઓ દરમિયાન જે તમારા બાળકને શાળામાં સફળ થવામાં મદદ કરી શકે છે તે શેર કરવા માટે તૈયાર રહો. તમે મીટિંગ પહેલાં તમારા બાળકના કેસ મેનેજરને તમારા પ્રશ્નો અથવા ભલામણો મોકલવા માગી શકો છો જેથી ટીમ તેમને જવાબ આપવા માટે તૈયાર થઈ શકે.

ખાતરી કરો કેટીમ દ્વારા કરવામાં આવેલી અંતિમ ભલામણો સંબંધિત તમે પુનરાવર્તનો અને સ્પષ્ટતાઓ માટે તમારા સૂચનો શેર કરો છો. તમે IEP ટીમના સમાન અને ખૂબ મૂલ્યવાન સભ્ય છો. તમારો અવાજ અને પ્રશ્નો ટીમ અને પ્રક્રિયા માટે મહત્વપૂર્ણ છે.

**માતા-પિતા(ઓ)ની ભૂમિકા:**
જો તમે મીટિંગમાં ન રહી શકો તો ફરીથી શેડ્યૂલ કરો. ટીમ સાથે ચિંતાઓ અને સફળતાઓ ના કિસ્સા શેર કરો. શાળા અથવા હોમવર્ક વગેરે સંબંધિત તમે ઘરે શું નોંધ લઈ રહ્યા છો તે વિશે વાત કરો. ઇનપુટ આપો અને ફેરફારો માટે સૂચનો આપો.
મીટિંગ પહેલા અને પછી ઘરે મોકલેલા તમામ દસ્તાવેજોની સમીક્ષા કરો.

---

## પુનઃમૂલ્યાંકન

ઓછામાં ઓછા દર 3 વર્ષે IEP ટીમે નક્કી કરવું જોઈએ કે તમારું બાળક હજુ પણ વિશેષ શિક્ષણ સેવાઓ માટે પાત્ર છે કે નહીં. તેઓ એ પણ સુનિશ્ચિત કરવા માંગશે કે તેમની પાસે તમારા બાળકની જરૂરિયાતો અને શક્તિઓ વિશેની સૌથી વર્તમાન માહિતી હોય. જો કોઈ ચિંતા હોય અથવા નવી માહિતીની જરૂર હોય તો માતા-પિતા અને શાળાનો સ્ટાફ વહેલા પરીક્ષણની વિનંતી કરી શકે છે.

IEP ટીમ નક્કી કરી શકે છે કે સેવાઓ માટે તમારા બાળકની સતત યોગ્યતાની પુષ્ટિ કરવા અથવા તેમના પ્રદર્શનના વર્તમાન સ્તરોને નિર્ધારિત કરવા માટે કોઈ વધારાની માહિતીની જરૂર નથી. ટીમ એ પણ નક્કી કરી શકે છે કે વધારાના મૂલ્યાંકનની જરૂર છે. જો એમ હોય તો, તમે પરિણામોની ચર્ચા કરવા અને જો જરૂરી હોય તો, IEPમાં સુધારણા કરવા માટે, આકારણીઓ પૂર્ણ કરવાની પરવાનગી આપ્યાના  90 દિવસની અંદર ફરી મળશો.

તમારા બાળકને વિશેષ શિક્ષણ સેવાઓમાંથી બરતરફ કરવામાં આવે તે પહેલાં તમારા બાળકનું પુનઃમૂલ્યાંકન કરવું આવશ્યક છે.  જો ટીમ નક્કી કરે છે કે તમારા બાળકને બરતરફ કરવા માટે કોઈ વધારાની માહિતીની જરૂર નથી, તો તમને બરતરફ કરવામાં આવે તે પહેલાં મૂલ્યાંકનની વિનંતી કરવાનો અધિકાર છે.

**માતા-પિતા(ઓ)ની ભૂમિકા:**
બાકીની ટીમ સાથે કોઈપણ નવી માહિતી અને ચિંતાઓ શેર કરો. પુનઃમૂલ્યાંકનના ભાગરૂપે ઘરે મોકલેલ કોઈપણ કાગળ, ચેકલિસ્ટ વગેરેને પૂર્ણ કરો અને પરત કરો. બધી મીટિંગમાં ભાગ લેવો.  ઇનપુટ આપો, ચિંતાઓ અને અભિપ્રાયો શેર કરો.



# **માતાપિતા** માટે ચેકલિસ્ટ

### મીટીંગ પહેલા

- ❍ મીટિંગના આમંત્રણનો જવાબ આપો.
- ❍ ઘરે મોકલેલા તમામ દસ્તાવેજોની સમીક્ષા કરો.
- ❍ તમારા બાળક માટે તમારી દ્રષ્ટિ બનાવો અથવા અપડેટ કરો.
- ❍ તમે મીટિંગમાં શેર કરવા માંગતા હો તે કોઈપણ પ્રશ્નો અથવા ચિંતાઓ લખો.
- ❍ તમારું પેરેંટલ ઇનપુટ તૈયાર કરો (તમે મીટિંગ પહેલા મોકલી શકો છો).
- ❍ જો તમને  જરૂર હોય તો દુભાષિયા માટે પૂછો.

### બેઠક દરમિયાન

- ❍ તમારા બાળકની ઉંમરને ધ્યાનમાં લીધા વિના તેને મીટિંગમાં સહભાગી બનાવવા વિશે વિચારો. તે સ્વ-હિમાયત કૌશલ્યો કેળવે છે અને ટીમને તમારા બાળકને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. 14 અને તેથી વધુ ઉંમરના વિદ્યાર્થીઓને તેમની IEP મીટિંગમાં આમંત્રિત કરવા જોઈએ.
- ❍ તમારી દ્રષ્ટિ અને ઇનપુટ ટીમ સાથે શેર કરો.
- ❍ પ્રશ્નો પૂછો અને તમારા વિચારો શેર કરો.

### બેઠક પછી

- ❍ મીટિંગ પછી મોકલવામાં આવેલા તમામ દસ્તાવેજોની સમીક્ષા કરો.
- ❍ જો તમને 5 દિવસની અદર દસ્તાવેજો ન મળે અથવા જો તમને ઘરે મોકલવામાં આવેલા દસ્તાવેજો વિશે પ્રશ્નો અથવા ચિંતા હોય તો IEP અધ્યક્ષ અથવા તમારા બાળકના શિક્ષકનો સંપર્ક કરો
- ❍ તમારું બાળક સ્કૂલવર્ક અને હોમવર્ક પ્રત્યે કેવી પ્રતિક્રિયા આપે છે તેને ટ્રેક કરો.
- ❍ તમારા બાળકના શિક્ષક સાથે કોઈપણ ચિંતાઓ શેર કરો.
- ❍ જો જરૂરી હોય તો IEP મીટિંગ યોજવા માટે કહો. લેખિતમાં અથવા ઇમેઇલ દ્વારા આ કરવું શ્રેષ્ઠ છે.

# શરતોનો **શબ્દકોષ**

**આકારણી**
મૂલ્યાંકનના ભાગ રૂપે ચિંતાના દરેક પાસામાં આપેલ ચોક્કસ પરીક્ષણ. તેઓ તમારા બાળકની શક્તિઓ અને જરૂરિયાતોને ઓળખવામાં મદદ કરે છે.

**બાળક શોધ**
વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂર હોય તેવા વિકલાંગ બાળકોને ઓળખવા, શોધવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે કાયદા દ્વારા રાજ્ય અને સ્થાનિક અધિકાર ક્ષેત્રોમાં હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ.

**સંમતિ**
સૂચિત પ્રતિક્રિયાઓ માટે લેખિત કરાર.

**મૂલ્યાંકન**
બાળક વિકલાંગતા ધરાવે છે અને તેની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓની જરૂર છે કે કેમ તે નક્કી કરવા માટે માતાપિતા પાસેથી માહિતી, હાલના વર્ગખંડનો ડેટા, મૂલ્યાંકન પરિણામો વગેરેની સમીક્ષા કરવાની પ્રક્રિયા.

**FAPE**
દરેક બાળક જે વિશેષ શિક્ષણ સેવાઓ મેળવે છે તે ફ્રી એપ્રોપ્રીએટ પબ્લિક એડયુકેશન માટે હકદાર છે.

**IDEA**
વિકલાંગ વ્યક્તિઓ માટે શિક્ષણ અધિનિયમ (Individuals with Disabilities Act). આ દેશનો વિશેષ શિક્ષણ કાયદો છે.

**IEP**
ધ ઇન્ડિવિડ્યુઅલાઇઝ્ડ એડ્યુકેશન પ્રોગ્રામ આ દસ્તાવેજ IEP ટીમ દ્વારા બનાવવામાં આવેલ છે. તે તમારા બાળકને પૂરી પાડવામાં આવતી સેવાઓ, સમર્થન અને વિશિષ્ટ સૂચનાઓનું વર્ણન કરે છે. દરેક બાળક માટે તેમની જરૂરિયાતોને આધારે એક IEP બનાવવામાં આવે છે.

**IEP ટીમ**
એ લોકોનું જૂથ છે જેઓ એવા બાળક વિશે નિર્ણય લે છે જેને વિશેષ શિક્ષણ સેવાઓની જરૂર હોય છે. માતા-પિતા IEP ટીમના મહત્વપૂર્ણ સભ્યો છે.

**LRE**
ઓછામાં ઓછું અંકુશ ધરાવતું વાતાવરણ. જ્યાં તમારા બાળકનું IEP હાંસલ થઈ શકે છે. સામાન્ય રીતે, શક્ય હોય તેટલું શાળાઓએ વિકલાંગ બાળકોને તેમના બિન-વિકલાંગ સાથીઓ શિક્ષિત કરવા જોઈએ.

**માવિત્ર**
જૈવિક અથવા દત્તક લેનાર, માતાપિતા, વાલી, માતાપિતા તરીકે કામ કરનાર અન્ય વ્યક્તિ અથવા સરોગેટ માતાપિતા; જો બાળક રાજ્યની દેખરેખ હેઠળ હોય તો આ શબ્દમાં રાજ્યનો સમાવેશ થતો નથી.

**પ્લેસમેન્ટ**
જ્યાં તમારા બાળકને તેમની વિશેષ શિક્ષણ સેવાઓ પ્રાપ્ત થશે. લક્ષ્યો અને સેવાઓ લખ્યા પછી પ્લેસમેન્ટ નક્કી કરવામાં આવે છે.



# **વિશેષ શિક્ષણ પ્રક્રિયાને** લગતી સમયરેખા

| WHAT | WHEN |
|---|---|
| માતાપિતાએ IEP મીટિંગનું આમંત્રણ મેળવવું આવશ્યક છે | **IEP મીટિંગના**10 કેલેન્ડર દિવસ પહેલા |
| માતા-પિતાએ IEP મીટિંગમાં સમીક્ષા કરવા માટે દસ્તાવેજો પ્રાપ્ત કરવા આવશ્યક છે | IEP મીટિંગના **5 કામકાજી દિવસો પહેલા** |
| માતા-પિતાને અંતિમ IEP અથવા, જો અંતિમ સ્વરૂપ આપવામાં ન આવ્યું હોય, તો IEP ની ડ્રાફ્ટ નકલ આપવી આવશ્યક છે | IEP મીટિંગ પછીના **5 કામકાજી દિવસો** |
| પાત્રતા નક્કી કરવા માટે મૂલ્યાંકનની ચર્ચા કરવા માટે એક મીટિંગ યોજવી આવશ્યક છે | તમે લેખિત સંમતિ આપ્યા પછી **60 દિવસની અંદર** |
| તમારું બાળક લાયક જણાય તે પછી IEP વિકસિત કરવું જોઈએ | તમારું બાળક વિશેષ શિક્ષણ માટે લાયક જણાય તે પછી **30 દિવસની અંદર** |
| એક IEPનું અમલીકરણ થવું જોઈએ | **બને એટલું જલ્દી** |
| પ્રગતિની જાણ કરવી આવશ્યક છે | **ઓછામાં ઓછું ત્રિમાસિક** અને તમારા બાળકના IEP માં જણાવ્યા મુજબ |
| IEP ની સમીક્ષા અને અપડેટ થવું આવશ્યક છે (વાર્ષિક સમીક્ષા બેઠક) | **વર્ષમાં ઓછામાં ઓછું એકવાર** |
| IEP ટીમે પુનઃમૂલ્યાંકનની જરૂરિયાતને ધ્યાનમાં લેવી જોઈએ | ઓછામાં ઓછા **દર 3 વર્ષે**, જ્યાં સુધી ટીમ નિર્ણય ન લે ત્યાં સુધી કોઈ નવી માહિતીની જરૂર નથી |
| પુનઃમૂલ્યાંકનના પરિણામોની સમીક્ષા કરવી આવશ્યક છે, અને જો જરૂરી હોય તો IEPમાં સુધારણા થવી જોઈએ | તમે મૂલ્યાંકન માટે લેખિત સંમતિ આપો પછી **90 કેલેન્ડર દિવસની અંદર** |
| શાળા પ્રણાલીએ ઇન્ડિપેન્ડેન્ટ એડ્યુકેશ્નલ ઈવેલ્યુએશન (IEE) માટેની વિનંતીનો પ્રતિસાદ આપવો જોઈએ | વિનંતી પ્રાપ્ત થયાના **30 કેલેન્ડર દિવસો પછી** |

# જો મને પ્રશ્નો હોય **અથવા તો મદદની જરૂર હોય તો શું કરવું?**

## સ્થાનિક કૌટુંબિક સહાય સેવાઓ સંયોજકો

| સ્થાનિક શિક્ષણ એજન્સીઓ | જન્મથી 5 ની ઉંમર | 5 થી 21 ની ઉંમર |
|---|---|---|
| **Allegany** | 240-920-6829 | 240-920-6829 |
| **Anne Arundel** | 410-562-6303 | 410-424-3258 |
| **Baltimore City** | 410-396-1666 | 443-642-3848 |
| **Baltimore County** | 443-809-9696 | 443-809-5443 |
| **Calvert** | 443-550-8406 | 443-550-8375 |
| **Caroline** | 410-479-3609 | 410-479-3609 |
| **Carroll** | 410-751-3955 | 410-751-3955 |
| **Cecil** | 410-996-5637 | 410-996-5637 |
| **Charles** | 301-934-7456 | 301-934-7456 |
| **Dorchester** | 410-901-6915 | 410-901-6915 |
| **Frederick** | 240-578-1244 | 240-236-8744 |
| **Garrett** | 301-533-0240, x2 | 301-914-1351 |
| **Harford** | 410-273-5579 | 410-273-5579 |
| **Howard** | 410-313-7161 | 410-313-7161 |
| **Kent** | 410-778-5708 | 410-778-5708 |
| **Montgomery** | 240-777-4809 | 240-753-9487 |
| **Prince George's** | 240-521-5054 | 301-431-5675 |
| **Queen Anne's** | 410-556-6103, x10 | 410-758-2403, x135 |
| **Somerset** | 410-651-1616, x11385 | 410-651-1616, x11385 |
| **St. Mary's** | 301-475-5511, x32218 | 240-309-4113 |
| **Talbot** | 410-822-0330 | 410-822-0330 |
| **Washington** | 301-766-8221 | 301-766-8221 |
| **Wicomico** | 410-677-5250 | 410-677-5250 |
| **Worcester** | 410-632-5234 | 410-632-5234 |
| **મેરીલેન્ડ સ્કૂલ ફોર ધી બ્લાઇન્ડ (Maryland School for the Blind)** | 410-444-5000, x1489 | |
| **મેરીલેન્ડ સ્કૂલ ફોર ધી ડેફ (Maryland School for the Deaf)** | 443-277-8899 | |
| **મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેંટ ઓફ એડ્યુકેશન (Maryland State Department of Education)** | 410-767-0255 | |

**MARYLAND STATE DEPARTMENT OF EDUCATION**

**Mohammed Choudhury**
State Superintendent of Schools

**Dr. Deann Collins**
Deputy Superintendent for Office of Teaching and Learning

**Clarence C. Crawford**
President, Maryland State Board of Education

**Wes Moore**
Governor

© 2023 Maryland State Department of Education
આ પ્રકાશન Maryland State Department of Education, Division of Early Intervention and Special Education Services દ્વારા US Department of Education, Grant #H393A090124A, PL 105-17/111-5 Individuals with Disabilities Education Act/ American Recovery and Reinvestment Act હેઠળ શીશુઓ અને પરિવારો “Recovery Fund” માટે વિશેષ શિક્ષણ-અનુદાનના ભંડોળ સાથે વિકસાવવામાં આવ્યું હતું. Maryland State Department of Education, Division of Early Intervention and Special Education Services એ Maryland Infants and Toddlers Program માટે મુખ્ય એજેન્સી છે, આ પ્રોગ્રામ રાજ્ય અને સ્થાનિક એજેન્સીઓ અને સંસ્થાઓ દ્વારા સંકલિત સેવાઓ અને સમર્થનનો રાજ્યવ્યાપી કાર્યક્રમ છે. આ પ્રકાશનમાં સમાવિષ્ટ માહિતીની નકલ અથવા વહેંચનારા વપરાશકર્તાઓએ Maryland State Department of Education, Division of Early Intervention and Special Education Service, Dr. Dean Collins, Superintended for Office of Teaching and Learning ને ક્રેડિટ આપવી જરૂરી છે.



MARYLAND STATE DEPARTMENT OF
EDUCATION
EQUITY AND EXCELLENCE

410-767-0100

www.marylandpublicschools.org

200 West Baltimore Street
Baltimore, MD 21201-2595